જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૯૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 03 | ૩,૧૦,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## <u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૯૧/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ, ૩૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૯૨/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૯૩/૨૦૨૨</u>

**વાસણાઃ** મીનાઝહુસેન માસુમઅલી ખુંટ(ઉ.વ.૪૬)(રહે,આમીરપાર્ક સોસાયટી, સમીરવિહાર ગેટની સામે, મેમણ હોલ રોડ, જુહાપુરા) એ તા.૨૧/૧૨/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન એ.પી.એમ.સી માર્કેટ ગેટ નંબર-૩ સામે, ૧૩૨ ફુટ રીંગ રોડ, “અલ્ટીમેટ સ્ટીલ” નામની દુકાન ખાતે આરોપી (૧)પ્રગ્નેશભાઇ દિલીપભાઇ પટેલ (૨) જૈમીનભાઇ દિલીપભાઇ પટેલ (બંને રહે. માલાબાર કાઉન્ટી વન, નિરમા યુનિવર્સીટી પાછળ, છારોડી, સોલા) (૩)સરફરાઝખાન સઈદખાન પઠાણ (રહે.મૌલાના આઝાદપાર્ક સોસાયટી, એસ.ઓ.જી ઓફીસ સામે, જુહાપુરા) એ ભેગામળી મીનાઝહુસેનને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી પહેલી વખત ૨૦.૧૮૦ ટન તથા બીજી વાર ૨૦.૨૯૦ ટન લોખંડનો માલ કુલ કિંમત રૂપિયા ૨૮,૬૯,૦૮૧/- મતાનો ખરીદ કરી, તે પેટે ચુકવવાના બાકી રૂપિયા ૧૭,૧૨,૨૮૪/- આજદિન સુધી નહિ ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સલમાનખાન રજાકખાન ચલાવે છે.

## <u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૯૪/૨૦૨૨</u>

**નિકોલઃ** ધનુબહેન વા/ઓ ગંભીરસંગ ચૌહાણ (ઉ.વ.૫૫)(રહે.અક્ષરધામ રેસીડન્સી વસંતવિહાર બંગ્લોઝની સામે, નરોડા-નિકોલ રોડ)એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સોપાન ચાર રસ્તા થી ખોડલ ફાર્મ ચાર રસ્તા વચ્ચે મહાદેવ મંદિર પાસે રોડ ઉપર મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ ધનુબહેનના ગળામા પહેરેલ સોનાની બે ચેઇનો જેમા એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- અને બીજી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૫/૨૦૨૨**

**વેજલપુરઃ** નિલેશભાઇ રજનીકાંતભાઇ રાઠોડ (ઉ.વ.૫૭)(રહે.સુલય રો-હાઉસ, બકેરી સીટી વેજલપુર)એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૨/૨૦૨૨ સવારના ૧૧/૦૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી રોકડ રૂપિયા ૧,૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.વ્યાસ ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૬/૨૦૨૨**

**બાપુનગરઃ** પુષ્પાબહેન પરષોત્તમભાઇ બાઇની (ઉ.વ.૭૧)(રહે.પદ્મશાળી સોસાયટી વિભાગ-૧ વિરાટનગર ચાર રસ્તા પાસે, બાપુનગર)એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડિકા લેબ સામે રોડ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાના)એ ભેગામળી પુષ્પાબહેનને “બાજુમાં ગરીબ માણસોને પૈસા તથા કપડા મફતમાં આપે છે, તમે પણ ચાલો” “તમે પહેરેલ દાગીના થેલીમાં મુકી દો નહી તો પૈસા અને કપડા નહી આપે” તેમ કહી પુષ્પાબહેને પહેરેલ સોનાની ચેઇન, ચાર બંગડીઓ અને સોનાની વીંટી મળી કુલ કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાના દાગીના પર્સમાં મુકાવી દઇ, પુષ્પાબહેનની નજર ચુકવી પર્સ ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૯૭/૨૦૨૨**

**શાહીબાગઃ** ખુશી રાજેશભાઈ પરમાર (ઉ.વ.૨૦)(રહે,ગજાનંદ સોસાયટી સિવિલ હોસ્પિટલ સામે, શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એચ.જે.જીતીયા ચલાવે છે.

**બાપુનગરઃ** જીગ્નેશભાઇ પ્રવિણભાઇ ઓધડ (ઉ.વ.૨૮)(રહે.ગુ.હા.બોર્ડ, શુભલક્ષ્મી ફ્લેટની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણોસર તા.૧૫/૧૨/૨૦૨૨ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બહાર પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પિટલમા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિષ્ણુકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી